**સ્ટેજ-૧ :** સૌ પ્રથમ જે તે માહિતીના પાંચેક પેઈજની માહિતી પર વાંચ્યા વિના માત્ર નજર ફેરવી જાવ. લગભગ દસેક સેકન્ડમાં પાંચેક પાના આ રીતે જોવાઈ જશે. **સ્ટેજ-૨ :** હવે આ પેઈજ પર આવેલી આકૃતિ, ચાર્ટ કે ફોટા તેમજ ફકરાઓની ગોઠવણી- ફકરા નાના કે મોટા છે તે જોઈ જવા. લગભગ વધારાની દસેક સેકન્ડમાં આ સ્ટેજ પૂર્ણ થઈ જશે. **સ્ટેજ-૩ :** હવે વધુ દસેક સેકન્ડમાં દરેક પાના પરના મુખ્ય શિર્ષક વાંચી જાઓ. **સ્ટેજ-૪ :** હવે વધુ દસેક સેકન્ડમાં દરેક પાના પરના પેટા મુદ્દાઓના મથાળા વાંચી જાઓ. **સ્ટેજ-૫ :** હવે સૌથી મહત્વના આ તબક્કે અત્યાર સુધી સ્કેન કરેલા પાંચેક પાનાનું વિઝ્યુલાઈઝેશન બંધ આંખે કરો. જેમાં લગભગ એકાદ મિનીટ જેટલો સમય લાગશે.

ઉપરોક્ત પાંચેય સ્ટેજ પૂર્ણ થયા બાદ, હવે તમે તમારી આ વાંચનસામગ્રી વિધિવત્ રીતે વાંચવાનું શરૂ કરો. આ પ્રમાણેનું સ્કેનીંગ કર્યા બાદ, વાંચવાનું શરૂ કરવાથી, આપના વાંચનનું વિષયવસ્તુ અગાઉ એકાદ વાર વાંચી લીધેલું લાગવાથી, જે તે વિષય વસ્તુ તૈયાર કરવામાં લાગતા સામાન્ય અપેક્ષિત સમય કરતા અડધો સમય લાગશે. બીજું કે આ માહિતીનો ઉપયોગ કરવાનો આવે, ત્યારે તેને રિ-કોલ કરવામાં સમય ઓછો લાગશે. ઉપરાંત જો વિષયવસ્તુ કંટાળાજનક હશે, તો પણ તેનું અધ્યયન કરવામાં રસ પડશે.

**૫. રિડીંગ ટેક્નિક :** સામાન્ય રીતે વ્યક્તિની વાંચમક્ષમતા મિનીટના ૩૦૦ થી ૪૦૦ શબ્દોની હોય છે. જો આ ક્ષમતાને વધારીને ૮૦૦ થી ૧૦૦૦ શબ્દોની કરાય, તો સમયની બચત થાય છે, પરિણામે રિવીઝન (પુનરાવર્તન) કરવા માટે સારો એવો સમય મળી શકે છે. યાદશક્તિના પ્રેરણાત્મક ઉદાહરણો જેવા કે સ્વામી વિવેકાનંદ, અમેરિકન ભૂતપૂર્વ પ્રમખશ્રી સ્વ. જહોન કેનેડી અને રૂઝવેલ્ટ આ પ્રકારના ફાસ્ટ રિડર હતાં. (ઝડપી વાંચન ક્ષમતા કેવી રીતે વિકસાવી શકાય, તે માટેનો અલગ લેખ ટૂંક સમયમાં) વાંચવાની ઝડપ વધારવા માટે કોઈક શબ્દ પર આંખ સ્થિર થાય તેનો સમય કે જેને ફિકસેશન કહે છે, તે ઘટાડવું પડે. તે જ પ્રમાણે જાણે-અજાણે અગાઉ વાંચી ગયેલ શબ્દો પર ફરી પાછી આંખો પાછી વળે છે કે જેને રિગ્રેશન કહે છે, તેને પણ ઘટાડવું પડે. થાક, ભય કે ગુસ્સાની પરિસ્થિતિમાં રિગ્રેશનનો સમય વધી જતો હોય છે. તમે કહેશો કે પણ ઝડપથી રિડીંગ કરવા માટે આપણી આંખો પણ સક્ષમ હોવી જોઈએ ને ? તમને નવાઈ લાગશે, કે આંખો સારી હોવા કરતા નર્વ સિસ્ટમ સક્ષમ હોવી જોઈએ. બાકી, પુસ્તકના આખા પાના પર એક મોટું ચિત્ર કે ફોટો હોય, તો આંખ તેને સેકન્ડના વીસમાં ભાગમાં લઈ શકે છે. મતલબ ૩૦૦ પાનાનું પુસ્તક જો સંપૂર્ણપણે ચિત્રો-ફોટાવાળું હોય, તો ૧૫ સેકન્ડમાં આંખ તેને સંપૂર્ણ પણે જોઈ શકે છે. જો વાંચન સમયે હાઈ-લાઈટર કે પેન્સિલ વડે વાંચતા-વાંચતા અંડરલાઈન કરવાની આદત કેળવવામાં આવે, તો એકાગ્રતા વધે છે. એકાગ્રતા અને યાદશક્તિ બંને પિતરાઈ ભાઈ-બહેન છે. આ માટે માથું સ્થિર રાખીને માત્ર આંખોના ડોળાને ફેરવવાથી પણ એકાગ્રતા વધે છે. ટટ્ટાર બેસીને વાંચવું જોઈએ તે કબૂલ પણ ધ્યાન રહે અક્કડ બનીને બેસવા કરતાં કરોડરજ્જુ સીધી પણ ગરદનનો આગળ તરફ સહેજ ઝૂકેલી રાખવામાં આવે, તો મગજને લોહી અને ઓક્સિજન વધુ માત્રામાં મળતો હોવાથી મગજ વધુ સક્ષમ બને છે. બીજી અગત્યની વાત અભ્યાસની વિષયવસ્તુ ભલે આંખો વાંચતી હોય પણ વાસ્તવમાં તે વ્યક્તિનું મન જ વાંચતું હોય છે. મનની તાકાત વિશાળ હોવા છતાં તે ક્યાંક અલગ દિશામાં ફેરવાઈ ન જાય તે માટે સંપૂર્ણ શાંત ચિત્તે જ વાંચવા બેસો. મન બીજે ભટકે નહીં તે માટે વિદ્યાર્થીએ શક્ય હોય, તો સ્ટડી ટેબલને દિવાલ સાથે અડકેલું રાખવું, બારી-બારણા પાસે નહીં.

**૬. વિષયવસ્તુ પ્રમાણેની ટેક્નિક :** જે તે પ્રકારનું વિષયવસ્તુ યાદ રાખવા માટે અલગ-અલગ પ્રકારની ટેક્નિકનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે સ્પેલિંગ કે લાંબા વાક્યો વાળી વ્યાખ્યા યાદ રાખવા માટે બ્રેક એન્ડ ડિવાઈડ ટેક્નિક ઉપયોગમાં લઈ શકાય. વર્ષો પહેલા અંગ્રેજોએ ભારત પર રાજ કરવા માટે ડિવાઈડ એન્ડ રૂલ (ભાગલા પાડો અને રાજ કરો)ની ટેક્નિક અપનાવી હતી, તેમ અહીં પણ મોટા વાક્યો કે લાંબા સ્પેલીંગને બે કે ત્રણ ભાગમાં વહેંચી દો. જેમ કે વહેંચણી માટેનો અંગ્રેજી શબ્દ ડિસ્ટ્રીબ્યુશનનો સ્પેલીંગ Distribution યાદ રાખવા માટે તેને ત્રણ ભાગમાં dis - tri - bution એમ વહેંચીને યાદ રાખી શકાય. હવે જ્યારે પણ આ શબ્દ લખવાનો આવે ત્યારે dis ડીસ - tri ટ્રી અને bution બ્યુશન એમ યાદ આવવાથી સ્પેલીંગની મીસટેક થવાના ચાન્સીસ પણ ઘટશે. સ્પેલીંગ લખવામાં ‘a’ ની જગ્યાએ ‘e’ કે ‘e’ ની જગ્યાએ ‘a’ આલ્ફાબેટ લખાઈ જવાની ભૂલ ઘણીવાર પડતી હોય છે. આવી આલ્ફાબેટ ખોટો લખાઈ જવાની ભૂલ દૂર કરવા અને સ્પેલીંગને યાદ રાખવા માટે ઓપોઝીટ હેન્ડ ટેક્નિક પણ અપનાવી શકાય. જેમકે કોઈ સ્પેલીંગ કે જેને યાદ રાખવો હોય, તેને તમારા ઉલટા હાથ વડે લખો, જેમ કે જમોડીઓએ ડાબા હાથે અને ડાબોડીએ જમણા હાથે. ઉલટા હાથ વડે લખવાથી વ્યક્તિની એકાગ્રતા વધે છે, અને તે અંગ્રેજી સ્પેલીંગના વળાંકને ધ્યાનથી સમજે છે. પરિણામે દસ વાર સીધા હાથ વડે લખવાથી મળતી યાદશક્તિનો ફાયદો એકવાર ઉલટા હાથ વડે લખવાથી મળે છે. જો કે સૂત્રો, મુદ્દાઓ, સમીકરણો, સિદ્ધાંતોને યાદ રાખવા માટે Old is Gold જેવી જૂની અને જાણીતી પદ્ધતિ ‘એક્રોનિયમ્સ મેથડ’ જ છે. કે જેમાં દરેક શબ્દ કે મુદ્દાનો પ્રથમ અક્ષર લઈને એક સૂત્ર બનાવવામાં આવે છે. જેમ કે હાઈસ્કૂલમાં વિજ્ઞાન વિષયમાં મેઘધનુષ્ય કે પ્રિઝમના રંગોને જાનીવાલીપિનાલા કે ‘vlbgyor’ તરીકે યાદ રાખવામાં આવે છે. જ્યાં જા-જાંબલી (v), ની-નીલો (l), વા-વાદળી (b), લી-લીલો (g), પિ-પીળો (y), ના-નારંગી (o) અને લા-લાલ (r).

વાંચીને યાદ રાખવા કરતા લખીને યાદ રાખેલું વધુ લાંબો સમય યાદ રહે છે. આ માટે એમ પણ કહેવાય છે, એક વાર લેખન - ત્રણ વાર વાંચન. હવે એનાથી પણ એક સ્ટેપ આગળ જઈને જો તમે તૈયાર કરેલું તમે કોઈને સમજાવો તો તમારી યાદશક્તિની ક્ષમતા વધુ ઝડપથી અને લાંબા સમય માટે વિકસીત બને છે. જ્યારે તમે કોઈને કોઈ ટોપીક સમજાવો છો, ત્યારે તમારો આત્મવિશ્વાસ વધે છે, ઘણા સર્જનશીલ (creative) વિદ્યાર્થીઓ તો પોતાના અભ્યાસની બાબતોનું ગીત બનાવીને તેને કોઈ ફિલ્મના લોકપ્રિય ગીતના અંદાજમાં ગાય છે. આમ કરવાથી અભ્યાસમાં રસ જાગે અને કંટાળો ભાગે છે. ઘણા વિદ્યાર્થીઓ અગત્યના મુદ્દાઓની પોકેટ ડાયરી બનાવી લેતા હોય છે. તો વળી, કેટલાંક વિદ્યાર્થીઓ અગત્યના મુદ્દાઓને ચાર્ટ સ્વરૂપે બનાવીને દિવાલ પર લટકાવતા હોય છે. ઘણીવાર વિદ્યાર્થીઓને આવી એકટીવ રીતે અભ્યાસ કરવામાં કંટાળો આવતો હોય છે, આવા વિદ્યાર્થીઓ પેસીવ રીતે પણ અભ્યાસ કરી શકે, જેમ કે તેઓ એકવાર પોતાના વિષય વસ્તુને મોટેથી વાંચીને તેને રેકોર્ડ કરી લે, ત્યારબાદ સૂતા-સૂતા કે હરતા-ફરતા તેને સાંભળી શકે. આમ કરવામાં તેઓને માનસિક કે શારીરિક થાક અનુભવાતો નથી, અને તેઓ લાંબો સમય સુધી અભ્યાસ કરી શકે છે. આ ઓડિયો ટેપ મેથડ હાલના આધુનિક યુગમાં ખૂબ જ ઉપયોગી બની રહી છે. તેનો ઉપયોગ મુસાફરી કે માંદગી દરમિયાન પણ કરી શકાય છે. સામાન્ય રીતે મુસાફરી દરમ્યાન અભ્યાસ કરવામાં કે માંદગીમાં અભ્યાસ કરવામાં તકલીફ પડતી હોય છે. વળી નોટનું લેખન કે વાંચન કરતી વખતે વિવિધ રંગોની હાઈલાઈટર પેનનો ઉપયોગ પણ કરવાથી જે તે અગત્યની બાબતોને પૂરતી ગંભીરતાથી યાદ રાખી શકાય છે.

**૭. રિવિઝન (પુનરાવર્તન) :** જેમ વધુને વધુ અભ્યાસ કરાતો જાય, તેમ આગળનું વધુને વધુ ભૂલાતું જતું હોય છે. આથી કાચાનું પાકુ તરત જ કરવું જોઈએ. એક સંશોધન મુજબ ૧૦૦% વાંચન પૈકી પ્રથમ કલાકમં ૮૨% જેટલું યાદ રહે છે અને ૧૮% ભૂલાઈ જાય છે, જ્યારે પ્રથમ દિવસના અંતે ૧૮% જ યાદ રહે છે અને ૮૨% ભૂલાઈ જાય છે. આથી પ્રથમ રિવીઝન પ્રથમ કલાકમાં અને બીજું રિવીઝન બીજા દિવસે અવશ્ય કરવું જોઈએ. ત્યારબાદ એકાદ અઠવાડિયાના અંતે પણ તેનું રિવીઝન કરતા રહેવું જોઈએ. જો કે રિવીઝન એટલે માત્ર રિ-રીડીંગ નહીં.

**રોજગાર T20 :** વૈજ્ઞાનિકોની વિશ્વકક્ષાની એક વર્કશોપમાં મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈનસ્ટાઈન પણ આમંત્રિત હતા, તેઓ ફુરસદના સમયે હોટલમાંથી બહાર વોક કરવા નીકળ્યા પણ પરત આવતા તેઓ સામાન્ય રાહદારીની જેમ રસ્તો ભૂલી ગયા, ત્યારે એમણે એક વ્યક્તિને મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન કઈ હોટલમાં રોકાયા છે ? એમ પૂછીને સાચો રસ્તો મેળવેલો !!! ●

**(૧) ભારતીય બંધારણ કઇ શાસન પ્રણાલીની જોગવાઇ કરે છે ?**
(૧) પંચકાર્ડ સંસદીય (૨) પ્રમુખશાહી
(૩) એકતંત્રી (૪) બહુતંત્રી

**(૨) ભારતીય બંધારણમાં ૧૯૭૬માં કરાયેલ ૪૨ મો બંધારણીય સુધારાનો ૧૯૭૬નો સંબંધ કઇ બાબત સાથે છે ?**
(૧) મૂળભૂત અધિકારો (૨) મૂળભૂત ફરજો
(૩) ન્યાયતંત્ર (૪) બિનસાંપ્રદાયિકતા

**(૩) ભારતીય બંધારણના આમુખ અનુસાર બાબતમાં આખરી સત્તા કોના હસ્તક છે ?**
(૧) પ્રજા (૨) વડાપ્રધાન
(૩) રાષ્ટ્રપ્રમુખ (૪) સર્વોચ્ચ અદાલત

**(૪) ભારતીય બંધારણે નાગરિકના કુલ કેટલા મૂળભૂત અધિકાર આપેલા છે ?**
(૧) ૪ (૨) ૬
(૩) ૮ (૪) ૧૦

**(૫) ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં સ્વાતંત્ર્યના અધિકારની ખાત્રી આપવામાં આવી છે ?**
(૧) અનુચ્છેદ ૧૮-એ (૨) અનુચ્છેદ ૧૯
(૩) અનુચ્છેદ ૨૦ (૪) અનુચ્છેદ ૨૧

**(૬) ભારતીય બંધારણમાં સમાનતાના અધિકારની જોગવાઇ કયા અનુચ્છેદમાં છે ?**
(૧) અનુ ૧૨ થી ૧૬ (૨) અનુ ૧૩ થી ૧૭
(૩) અનુ ૧૪ થી ૧૮ (૪) અનુ ૧૫ થી ૧૯

**(૭) ભારતીય બંધારણમાં અનુચ્છેદ ૨૦ અંતર્ગત કઇ જોગવાઇ કરેલી છે ?**
(૧) ગુનાઓ માટે દોષ સિદ્ધિ સંબંધે રક્ષણ
(૨) ધર્મપાલન સંબંધે રક્ષણ
(૩) વ્યવસાય સંબંધે રક્ષણ
(૪) ધરપકડ સામે અગાઉ આપવાપાત્ર રક્ષણ

**(૮) નીચેના પૈકી કયો અધિકાર મૂળભૂત અધિકાર નથી ?**
(૧) સમાનતાનો અધિકાર (૨) સ્વાતંત્ર્યનો અધિકાર
(૩) શોષણ વિરૂદ્ધનો અધિકાર
(૪) વૈશ્વિક સ્વૈર વિહારનો અધિકાર

**(૯) મૂળભૂત અધિકારોનો મૂળ સ્ત્રોત કયા દેશના બંધારણમાંથી લેવામાં આવેલ છે ?**
(૧) ઇંગ્લેન્ડ (૨) અમેરિકા
(૩) ઓસ્ટ્રેલીયા (૪) આર્યલેન્ડ

**(૧૦) ભારતીય બંધારણના ૪૪ મા સુધારા અન્વયે કયા મૂળભૂત અધિકારની નાબૂદી કરવામાં આવી છે?**
(૧) વાણી સ્વાતંત્ર્ય (૨) ધાર્મિક સ્વાતંત્ર્ય
(૩) મુક્ત હેરફેર સ્વાતંત્ર્ય (૪) મિલ્કત સ્વાતંત્ર્ય

**(૧૧) ભારતીય બંધારણની કઇ કલમ દ્વારા જમ્મુ કાશ્મીરમાં ભારતીય નાગરિકને સ્થાયી વસવાટ તથા રહેઠાણના અધિકાર પર નિયંત્રણ મૂકાવેલ છે ?**
(૧) અનુચ્છેદ ૩૬૯ (૨) અનુચ્છેદ ૩૭૦
(૩) અનુચ્છેદ ૩૭૧ (૪) અનુચ્છેદ ૩૬૮

**(૧૨) જીવન જીવવાનો મૂળભૂત અધિકારની જોગવાઇ કયા અનુચ્છેદમાં કરવામાં આવેલ છે ?**
(૧) અનુચ્છેદ ૧૮ (૨) અનુચ્છેદ ૧૯
(૩) અનુચ્છેદ ૨૦ (૪) અનુચ્છેદ ૨૧

**(૧૩) વ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકારોના સંદર્ભમાં નીચેનામાંથી એકમાત્ર કયું વિધાન ખોટું છે ?**
(૧) ગુનાઓ સંદર્ભે સજા તેમજ તેને લગતા પુરાવાઓ સંબંધી કેટલાક રક્ષણો
(૨) કાયદાના અધિકાર વિના પ્રાણથી કે અંગત સ્વાતંત્ર્યથી વંચિત કરવા પર નિષેધ
(૩) ધરપકડ તથા નિવારક અટકાયત અંગે કેટલાક રક્ષણોની જોગવાઇઓ
(૪) ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મ સ્થાનોના ધોરણે ભેદભાવ પર પ્રતિબંધ

**(૧૪) મૂળભૂત અધિકારોના અમલ માટે સર્વોચ્ચ અદાલતમાંથી દાદ તેમજ રિટ મેળવવાના નાગરિકના બંધારણીય ઇલાજને બંધારણના કયા અનુચ્છેદથી રક્ષિત કરેલ છે ?**
(૧) અનુચ્છેદ ૨૯ (૨) અનુચ્છેદ ૩૦
(૩) અનુચ્છેદ ૩૧ (૪) અનુચ્છેદ ૩૨

**(૧૫) વ્યક્તિ સ્વાતંત્ર્ય નિયંત્રણ કે મર્યાદા લાદવાની સત્તા કોને છે ?**
(૧) રાજ્ય (૨) વડાપ્રધાન
(૩) રાષ્ટ્રપ્રમુખ (૪) સર્વોચ્ચ અદાલત

**(૧૬) કોઇ પણ વ્યક્તિને કોઇ એક ગુના માટે એક વખત કાર્યવાહીનું રક્ષણ કયા અનુચ્છેદથી મળેલ છે ?**
(૧) અનુચ્છેદ ૧૮ (૨) અનુચ્છેદ ૧૯
(૩) અનુચ્છેદ ૨૦ (૪) અનુચ્છેદ ૨૨

**(૧૭) બંધારણીય ઇલાજના અધિકાર અંતર્ગત પાંચ પ્રકારના ન્યાયિક આજ્ઞાપત્ર કાઢવાનો હક્ક કોને આપવામાં આવેલ છે ?**
(૧) રાષ્ટ્રપ્રમુખ (૨) સંસદ
(૩) સર્વોચ્ચ અદાલત (૪) વડાપ્રધાન

**(૧૮) બંધારણીય ઇલાજના અધિકાર અંતર્ગતના પાંચ પ્રકારના ન્યાયિક આજ્ઞાપત્રોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?**
(૧) બંદી પ્રત્યક્ષીકરણ
(૨) પરમાદેશ અથવા અધિકારી હુકમ
(૩) ઉત્પ્રેષણ સર્ટિઓરી (૪) ઉત્મૂલન

**(૧૯) રાષ્ટ્રપ્રમુખ બંધારણના અનુચ્છેદ ૩૫૨ અંતર્ગત કટોકટીની જાહેરાત કરે ત્યારે મૂળભૂત અધિકારો**
(૧) મોકુફ રહે (૨) યથાવત રહે
(૩) સુષુપ્ત / બેઅસર થાય (૪) કાયમી ધોરણે નાબૂદ થાય

**(૨૦) ૪૨ મા બંધારણીય સુધારાથી કયા અનુચ્છેદનો ઉમેરો થયો ?**
(૧) અનુ ૫૧-એ (૨) અનુ ૫૨-એ
(૩) અનુ ૫૩-એ (૪) અનુ ૫૪-એ

**(૨૧) નાગરિકની મૂળભૂત ફરજોનો સમાવેશ કયા અનુચ્છેદમાં થાય છે ?**
(૧) અનુ ૫૧-એ (૨) અનુ ૫૨-એ
(૩) અનુ ૫૩-એ (૪) અનુ ૫૪-એ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**મનીષ શાહ**

**(૨૨) ભારતના રાષ્ટ્રપ્રમુખનો કાર્યકાળ ૫ વર્ષનો હોય છે તેવી જોગવાઇ કયા અનુચ્છેદમાં છે ?**
(૧) અનુ ૫૬ (૨) અનુ ૫૭
(૩) અનુ ૫૮ (૪) અનુ ૫૯

**(૨૩) રાષ્ટ્રપ્રમુખને પદ પરથી દૂર કઇ રીતે કરી શકાય છે ?**
(૧) મહાભિયોગ પ્રસ્તાવ (૨) કાનૂની કાર્યવાહી
(૩) શિક્ષાત્મક પગલાં (૪) ખાતાકીય કાર્યવાહી

**(૨૪) રાષ્ટ્રપ્રમુખને મહાભિયોગ પ્રસ્તાવ ટાણે સ્વબચાવની**
(૧) છૂટ અપાતી હોય છે (૨) છૂટ અપાતી નથી
(૩) છૂટ આપી શકાય જ નહીં (૪) છૂટ આપવી તો જોઇએ

**(૨૫) ભારતના બંધારણમાં દર્શાવેલ મૂળભૂત અધિકારોને રાષ્ટ્રપ્રમુખ**
(૧) ક્યારેય સ્થગિત કરી શકતાં નથી
(૨) ઇચ્છે ત્યારે તેમાં ફેરફાર કરી શકે છે
(૩) સ્પર્શ પણ કરી શકતાં નથી
(૪) તેમાં ઇચ્છિત પરિવર્તન કરી શકતાં નથી

**(૨૬) રાષ્ટ્રપ્રમુખ સંસદ સમક્ષ જે ઉદબોધન કરે છે તેનો મુસદ્દો કોણ તૈયાર કરે છે ?**
(૧) ઉપ રાષ્ટ્રપ્રમુખ (૨) કેન્દ્રીય મંત્રી મંડળ
(૩) એટર્ની જનરલ (૪) સર્વોચ્ચ અદાલત

**(૨૭) 'ખુશી મરજીનો સિધ્ધાંત' નામે જાણીતી જોગવાઇ કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?**
(૧) ૩૦૯ (૨) ૩૧૧
(૩) ૩૧૦ (૪) ૩૧૫

**(૨૮) વિધાનપરિષદમાં ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ રાષ્ટ્રપ્રમુખ માટેના મતદાન મંડળમાં**
(૧) થઇ શકે છે (૨) થઇ શકતો નથી
(૩) થવો જોઇએ (૪) થવા સંભવ છે

**(૨૯) રાષ્ટ્રપ્રમુખ દ્વારા સંસદ લોકસભા-રાજસભામાં નિમાયેલ સભ્યો ચૂંટણી**
(૧) લડી શકતા નથી (૨) લડી શકે છે
(૩) લડવા ઇચ્છતા જ હોતા નથી
(૪) લડવા તો ઇચ્છતા હોય છે

**(૩૦) CAG ની નિમણૂંક કયા અનુચ્છેદ અનુસાર થાય છે ?**
(૧) ૧૫૨ (૨) ૧૪૮
(૩) ૨૫૨ (૪) ૨૪૮

**(૩૧) નાણાપંચની રચના કોની સૂચના અનુસાર કરવામાં આવે છે ?**
(૧) રાષ્ટ્રપ્રમુખની (૨) ઉપ રાષ્ટ્રપ્રમુખની
(૩) વડાપ્રધાનની
(૪) કંટ્રોલર અને ઓડિટર જનરલ CAG ની

**(૩૨) ભારતીય બંધારણની કલમ ૭૨ અન્વયે સર્વોચ્ચ અદાલતે ફરમાવેલી સજામાં રાષ્ટ્રપતિ**
(૧) વધારો કરી શકે છે (૨) ઘટાડો પણ કરી શકે છે
(૩) આવી અરજી સાંભળતા જ નથી
(૪) આવી દાદ એમની પાસે મંગાતી નથી

**(૩૩) દેશમાં આપત્તકાલીન કટોકટીની સત્તાઓ કેવળને હસ્તક જ છે**
(૧) રાષ્ટ્રપ્રમુખ (૨) ઉપ રાષ્ટ્રપ્રમુખ
(૩) વડાપ્રધાન (૪) સંસદના બંને ગૃહો

**(૩૪) ભારતના ઉપ રાષ્ટ્રપ્રમુખની નિયુક્તિ સંદર્ભે બંધારણની કઇ કલમમાં જોગવાઇ છે ?**
(૧) ૬૧ (૨) ૬૨
(૩) ૬૩ (૪) ૬૪

**(૩૫) ઉપરાષ્ટ્ર પ્રમુખ રાજ્યસભાના સભાપતિ હોદ્દાની રૂએ, કલમ ૬૪ અન્વયે જ હોય તેવી ભારતીય બંધારણે સ્વીકારેલ પરંપરા પર કયા દેશનો પ્રભાવ છે ?**
(૧) ઈંગ્લેન્ડ (૨) અમેરિકા
(૩) દક્ષિણ આફ્રિકા (૪) આયર્લેન્ડ

**(૩૬) બંધારણની કલમ ૬૪ અન્વયે ઉપ રાષ્ટ્રપ્રમુખ સભાપતિ પણ છે**
(૧) સંસદના બંને ગૃહોના (૨) રાજસભાના
(૩) લોકસભાના (૪) આમાંથી એકપણના નહીં

**(૩૭) ભારતીય બંધારણની કલમ ૬૯ અન્વયે ઉપ રાષ્ટ્રપ્રમુખ પદના હોદ્દાના શપથ લેવડાવવાની સન્માનભરી જવાબદારી કોણ સંભાળતું હોય છે ?**
(૧) સર્વોચ્ચ ન્યાયમૂર્તિ (૨) એટર્ની જનરલ
(૩) રાષ્ટ્રપ્રમુખ (૪) વડાપ્રધાન

**(૩૮) ઉપ રાષ્ટ્રપતિને તેમના પદ બદલ જ નહીં પરંતુ શોભે તેવું વેતન મળે છે**
(૧) તેમની વય, અનુભવ અને યોગ્યતાના આધારે
(૨) રાજ્યસભાના સભાપતિપદની ગરીમાને
(૩) લોકસભાના અધ્યક્ષપદની ગરિમાને
(૪) તેઓ સંભવિત રીતે ભાવી રાષ્ટ્રપ્રમુખ હોવાથી તેમને

**(૩૯) રાષ્ટ્રપ્રમુખને પોતાની ફરજોના નિવેદન માટે સલાહ અને સહાય પૂરી પાડવાનું કામ કોને ભાગે આવતું હોય છે ?**
(૧) વડાપ્રધાન અને પ્રધાનમંડળ
(૨) ઉપ રાષ્ટ્રપ્રમુખ
(૩) સર્વોચ્ચ ન્યાયાધીશ (૪) એટર્ની જનરલ

**(૪૦) ભારતના બંધારણના પ્રારંભકાળમાં પ્રધાનમંડળ કેબિનેટ શબ્દનો ઉલ્લેખ ન હોવાથી ૧૯૭૮ ના ૪૪મા બંધારણીય સુધારા અનુસાર પ્રધાનમંડળ કેબિનેટ શબ્દને કઇ કલમ અંતર્ગત સમાવી લેવામાં આવેલ છે ?**
(૧) ૩૫૦ (૨) ૩૫૧
(૩) ૩૫૨ (૪) ૩૫૩

**(૪૧) બંધારણની કલમ ૭૫૨ અન્વયે મંત્રીમંડળનો પ્રત્યેક મંત્રી કોની મરજી હોય ત્યાં સુધી જ પોતાના હોદ્દા પર રહી શકતો હોય છે ?**
(૧) વડાપ્રધાન માત્ર (૨) રાષ્ટ્રપ્રમુખ માત્ર
(૩) ઉપરાષ્ટ્રપ્રમુખ માત્ર (૪) માત્ર ન્યાયતંત્ર

## જવાબ

**(૧) ૧ (૨) ૪ (૩) ૧ (૪) ૨ (૫) ૨ (૬) ૩ (૭) ૧ (૮) ૪ (૯) ૨ (૧૦) ૪ (૧૧) ૨ (૧૨) ૪ (૧૩) ૪ (૧૪) ૪ (૧૫) ૧ (૧૬) ૩ (૧૭) ૩ (૧૮) ૪ (૧૯) ૧ (૨૦) ૧ (૨૧) ૧ (૨૨) ૧ (૨૩) ૧ (૨૪) ૧ (૨૫) ૧ (૨૬) ૨ (૨૭) ૧ (૨૮) ૨ (૨૯) ૧ (૩૦) ૨ (૩૧) ૧ (૩૨) ૨ (૩૩) ૧ (૩૪) ૩ (૩૫) ૨ (૩૬) ૨ (૩૭) ૩ (૩૮) ૨ (૩૯) ૧ (૪૦) ૩ (૪ ૧) ૨**

(અનુસંધાન પાન નં. ૪ નું ચાલુ.....)

ii. 120 Multiple Choice Questions on Commerce particularly General Accounting and Finance for candidates applying for the Post Code G {Assistant Grade-III (Accounts)} to assess the post specific technical knowledge of relevant stream.

iii. 120 Multiple Choice Questions on Biological Sciences for candidates applying for the Post Code H {Assistant Grade-III (Technical)} to assess the post specific technical knowledge of relevant stream.

**Paper-III (Duration-90 minutes)**

120 Multiple Choice Questions on General Hindi, General English, General Awareness, General Intelligence and Computer Knowledge for candidates applying for the Post Code D {Assistant Grade-II (Hindi)} and Post Code E {Typist (Hindi)}.

**Paper-IV (Duration-90 minutes):**

Translation - 2 Passages, one each from Hindi to English and vice-versa and two essays each in Hindi & English for candidates applying for the Post Code D {Assistant Grade-II (Hindi)}.

**IMPORTANT INFORMATION / INSTRUCTIONS:**

1. **CANDIDATES CAN APPLY ONLY IN ONE ZONE EITHER NORTH ZONE OR SOUTH ZONE OR EAST ZONE OR WEST ZONE OR NORTH-EAST ZONE** as per vacancies, as the examination can be held on same day. If it is found at any stage that a candidate has applied for two or more Zones his/her candidature shall be summarily cancelled. In case of multiple applications, even within a Zone the candidature shall be summarily cancelled.
2. CANDIDATE CAN APPLY FOR ANY ONE OF THE POST WITHIN THE ZONE ONLY.
3. The candidate will be considered for the post applied for, on the basis of his/her merit for the post within the Zone.
4. No other Qualification other than expressly mentioned in the Qualification Criteria would be accepted.
5. The Admit Card for the Written Test indicating the time and venue of examination for each candidate can be downloaded from www.fcijobsportal.com 15 days prior to the date of examination onwards. Candidates, who are not able to generate their Admit Cards online at least one week before the date of the examination, should contact at email ID fciquery@fcijobsportal.com. Even then if the grievances are not addressed, the candidates may contact in person to respective FCI Zonal Offices with proof of online submission of Application Form for generating Admit Card online. Intimation about shortlisted candidate will be posted on website for which candidate may keep in touch through website www.fcijobsportal.com. A candidate has to appear in all the phases of the recruitment process to be eligible for the selection. The candidates are advised to keep in touch through the Website.

**GENERAL INFORMATION / INSTRUCTIONS:**

1. Nationality: A candidate for appointment in the service of the Corporation shall be :

i. a Citizen of India, or

ii. a subject of Nepal, or

iii. a subject of Bhutan, or

iv. a Tibetan refugee who came over to India before the 1st January, 1962 with the intention of permanently settling in India, or

v. a person of Indian origin who has migrated from Pakistan, Burma, Sri Lanka and East African Countries of Kenya, Uganda and United Republic of Tanzania (formerly Tanganyika and Zanzibar), Zambia, Malawi, Zaire and Ethiopia and Vietnam with the intention of permanently settling in India.

Provided that a candidate belonging to categories (ii), (iii), (iv) and (v) above shall be a person in whose favour a certificate of eligibility has been given by the Managing Director.

2. Candidates should indicate at the designated place in the Application Form whether they belong to one of the Minority Communities notified by Government namely, Muslims, Christians, Sikhs, Buddhists, Jain or Zoroastrians (Parsis).
3. All the posts carry IDA pattern pay scales and usual allowances such as HRA, Leave Travel facilities etc. These scales carry DA on percentage basis. Gross emoluments would vary depending upon place of posting.
4. The seniority of the Officials, appointed in the services of FCI within the Zone will be determined by the order of merit in which they are finally selected for appointment. They will be posted in any State within the jurisdiction of the Zone against which they are selected. The seniority of the officials will be maintained in their respective Zones in the respective cadre.
5. Employees of the Central / State Govt. / Public Sector Undertakings and departmental candidates should apply Online. Their candidature is subject to fulfilment of the essential eligibility criteria and ensure that **they are in possession of 'No Objection Certificate' from their employer** on or before 17.03.2015 which shall be required to be sent along with other essential enclosures in case of their shortlisting on the basis of the Written Test/Skill test at the designated Address which shall be informed / notified through the designated website (www.fcijobsportal.com).
6. **CANDIDATES ARE REQUIRED TO SUBMIT THE ONLINE APPLICATION FORM ONLY ONCE.**
7. Option should be exercised by the candidates carefully after going through the Advertisement and keeping in view fulfilment of eligibility conditions, educational qualification, experience etc. prescribed for the posts. OPTION ONCE EXERCISED SHALL BE FINAL AND NO CHANGE WILL BE ALLOWED UNDER ANY CIRCUMSTANCES.
8. Candidates are not permitted to use calculator and other electronic gadgets except as specified in the Advertisement. They should not, therefore, bring the same inside the examination premises/venue.
9. **All papers in the Written Examination will consist of Objective Type Multiple Choice Questions only except Paper-IV for AG-II (Hindi) which will be of conventional type.** Candidates must write the papers/indicate the answers in their own hand. For Objective Type Multiple Choice Questions paper, OMR Answer Sheets will be provided. OMR Answer Sheet to be filled in with **Blue / Black Ball Point Pen only** as per instructions given in OMR Answer Sheet. Candidates are required to mark their Name, Date of Birth, Roll Number, Registered Application Number, and Question Booklet Number etc. correctly on the OMR Answer sheets by darkening the appropriate ovals / boxes. Candidates are also required to sign their names in running hand and affix left hand thumb impression on the Answer Sheets. Answer Sheets not bearing the Candidate's Name, Roll Number, Signature, LTI etc. in the space meant for the purpose will not be evaluated and awarded Zero mark. If any candidate belonging to reserved category does not write their category properly in the OMR Answer Sheet, they will be treated as belonging to UR category. OMR Answer Sheets are read by machine and, therefore, failure to comply with any of the instructions will result in award of Zero marks. Candidates in their own interest should strictly follow the Instructions given on the Question Booklet/ OMR Answer sheet. No representation regarding non-compliance of instructions will be entertained. Answer booklet for Paper-IV [Post Code-D {AG-II (Hindi)}] will be supplied.
10. All 120 Multiple Choice Questions in Paper - I, Paper - II & Paper - III will carry equal 01 marks and Paper - IV will comprise of 120 marks.
11. Discrepancies in question paper should be brought to the notice at feedback@fcijobsportal.com within 15 days of holding the examination. Representation submitted thereafter will not be entertained.
12. In view of the large number of applications, scrutiny of the eligibility, category and other aspects will not be undertaken before issuing call letters for Written Test.
13. Candidates in their own interest are advised to provide their Mobile Numbers and E-mail IDs accurately, as it may be used for all future correspondence.
14. It is mandatory for all the candidates to upload their Photograph and Signatures as specified without any exception.
15. Formats prescribed for furnishing certificates for SC/ ST, OBC, PWD/PH, Serving Defence Personnel and Ex-Servicemen are appended at Annexures A, B, C, D and E respectively. Candidates may note that these Certificates/Documents shall be required to be sent along with other essential enclosures in case of their shortlisting on the basis of the Written Examination/Skill test at the designated address which shall be informed / notified through the designated website (www.fcijobsportal.com) SC/ST/ PWD/Ex-servicemen or Serving Defence Personnel Candidates who are seeking fee Exemption must upload the relevant document / certificates as stated above as a proof for Exemption from application Fee. Female Candidates are required to upload any certificate mentioning the gender and/or photograph like High-School Certificate / Caste Certificate / College ID card / Aadhar card / Voter ID card / Driving License / Passport etc. As Male Candidates belonging to unreserved category, OBC are not exempted from Application fee, are not required to upload any Certificate/Document/Undertaking at this stage.
16. A candidate should select any one of the examination centres within the opted Zone while filling the online Application Form.

    WEST : Ahmedabad, Bhopal, Mumbai, Raipur
17. No change in centre of examination will be allowed under any circumstances. Hence, the candidates should select the centres carefully and indicate the same correctly in their applications.
18. The Corporation reserves the right to cancel any Centre and ask the candidates of that Centre to appear from another Centre. Corporation also reserves the right to divert candidates of any Centre to some other Centre to take the examination.
19. RESOLUTION OF TIE CASES: In case of a tie in a particular post, the tie will be resolved as under:

    For the Post Code A {JUNIOR ENGINEER (CIVIL ENGINEERING)}, Post Code B {JUNIOR ENGINEER (ELECTRICAL ENGINEERING)}, Post Code C {JUNIOR ENGINEER (MECHANICAL ENGINEERING)}, Post Code G {AG-III (Accounts)} & Post Code H {AG-III (Technical)} candidate who has scored higher marks in the Paper - II of Written Test will be placed above the other candidate.

    For Post Code D {AG-II (Hindi)} candidate who has scored higher marks in Paper - IV of Written Test will be placed above the other candidate.

    If the tie still persists, the procedure will be followed by Date of Birth i.e. the candidate older in age will get preference. Lastly, if the tie still persists, the tie will be resolved by referring to the alphabetical order of names i.e. a candidate whose name begins with the alphabet which comes first in the alphabetical order will get the preference. The same criteria will also be applicable for the Post Code E {Typist (Hindi)}, Post Code F {AG-III (General)} & Post Code I {AG-III (Depot)}
20. Mere submission of application and fulfilling the eligibility conditions gives no right to any person for appearing in Written Test etc.
21. Qualifying in the Written Test and Skill test for any post without fulfilment of eligibility conditions will not confer any claim to the candidate for final selection to the post.
22. Candidates should comply with additional instructions of FCI, if any.
23. Filling up of these vacancies is subject to the outcome of any litigation affecting the recruitment process.
24. No correspondence will be entertained about the outcome of the application, at any stage.
25. All appointments will be subject to the Rules and Regulations of the Corporation in- force from time to time. Other benefits like CPF, Gratuity, Leave Travel Concessions, Leave Encashment, Medical-reimbursement, etc., shall be applicable as per the rules of the Corporation as amended from time to time.
26. The candidate on selection to a particular Zone of FCI is liable to be posted in any State within the jurisdiction of that Zone. However, they are also liable to be posted anywhere in the country in the interest of the Corporation. The jurisdiction of each Zone is as follows:

    **WEST ZONE:** 1. Maharashtra Region (includes the State of Goa), 2. Madhya Pradesh Region, 3. Chhattisgarh Region, 4. Gujarat Region (includes the Union Territory of Daman & Diu and Dadra & Nagar Haveli).
27. No original Certificates / Documents are required to be sent in connection with the Application unless directed to do so. Candidates may also note that Self-attested Photostat copies of requisite Certificates/Documents shall be required to be sent / uploaded at the designated address / website in case of their shortlisting on the basis of the written Examination / Skill Test which shall be informed / notified through the designated website (www.fcijobsportal.com). Original certificates will, however, be scrutinized / verified at the time of Document verification stage.
28. Management reserves the right to conduct additional examination / skill test or call for any additional documentary evidence in support of educational qualification & experience of the applicant.

(અનુસંધાન પાન નં. ૨ ઉપર..)

# ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ. (જેટકો) : વડોદરા

## વિદ્યુત સહાયક (જુનિ. એન્જિ. ઈલે. / સિવિલ)ની ભરતી

**ઓનલાઈન અરજીની છેલ્લી તા. ૧૧-૩-૨૦૧૫**

**જગ્યાની કુલ સંખ્યા : ૮૦**

❑ **જગ્યાની વિગત :**

❑ **જગ્યાનું નામ :** વિદ્યુત સહાયક (જુનિ. એન્જિનિયર - ઈલેક્ટ્રિકલ / સિવિલ)

♦ **જગ્યાની સંખ્યા :** ૮૦. વધુ ૫૦ જગ્યાઓ ભરવાની થશે.

♦ **શૈક્ષણિક લાયકાત :** માન્ય યુનિ.માંથી ઓછામાં ઓછા ૬૦ ટકા (સામાન્ય અને શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારો માટે) તથા અનામત વર્ગના ઉમેદવારો માટે ૫૫ ટકા સાથે બી.ઈ. (ઈલે./ સિવિલ) અથવા બી.ટેક. (ઈલે./સિવિલ), આ લાયકાતમાં ૭મા અને ૮મા સેમેસ્ટર સહિત તથા ATKT વિના પ્રથમ પ્રયાસે પાસ થયા હોવા જોઈએ.

♦ **વય મર્યાદા :** તા. ૧૬-૨-૨૦૧૫ના રોજ ૩૦ વર્ષ. અ.જા./ અ.જ.જા./ શા.શૈ.પ. વર્ગ માટે ૩૫ વર્ષ. શારીરિક ખોડખાંપણ ધરાવનાર ઉમેદવારો માટે ૪૦ વર્ષ. ઉપલી વય મર્યાદામાં નીચે મુજબ છુટછાટ મળવાપાત્ર છે.

| કેટેગરી | છૂટછાટ |
|---|---|
| મહિલા ઉમેદવારો | ૫ વર્ષ |
| એક્સ સર્વિસમેન | ૧૦ વર્ષ |
| કંપનીના નિવૃત્ત કર્મચારીઓના આશ્રિતોને | ૪૦ વર્ષની વય સુધી |

♦ **અજમાયશી સમય :** વિદ્યુત સહાયક તરીકે બે વર્ષ.

♦ **વેતન :** પ્રથમ વર્ષે પ્રતિમાસ ફિક્સ રૂ. ૧૮,૦૦૦, બીજા વર્ષે પ્રતિમાસ રૂ. ૨૦,૦૦૦
આ સિવાય અન્ય કોઈ લાભો કે ભથ્થા મળવાપાત્ર નથી. અહીં અકસ્માત વીમો તથા ટીએ./ડી.એ. મળવાપાત્ર છે.

♦ જગ્યાઓની સંખ્યામાં મહિલા ઉમેદવારો અને મૂળનિવાસી ઉમેદવારોને અગ્રતા માટેના રાજ્ય સરકારના નિર્દેશોનું પાલન કરવામાં આવશે.

♦ **ફી :** (બિન પરત મળવાપાત્ર) :
ઉમેદવારોએ નીચે દર્શાવ્યા મુજબ જરૂરી ફી ચૂકવવાની છે. આ માટે ઉમેદવારોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ એસ.બી.આઈ.ની બ્રાંચમાં ચલન દ્વારા ફી જમા કરાવવાની છે. ઉમેદવારોએ જેટકોના એકાઉન્ટ નંબર A/c No. 34701961716 માં ફી જમા કરાવવાની છે. ફીની વિગત નીચે મુજબ છે.

| કેટેગરી | ફી (રૂ.માં.) |
|---|---|
| સામાન્ય/શા.શૈ.પ. વર્ગ/ શા.ખો.ખાં. | ૫૦૦ + ૬૦ (બેંક ચાર્જ) |
| અ.જા. /અ.જ.જા. | ૨૫૦ + ૬૦ (બેંક ચાર્જ) |

♦ શારીરિક ખોડખાંપણ ધરાવનાર ઉમેદવાર જો અ.જા./અ.જ.જા. વર્ગના હોય તો તેઓએ ફી તરીકે રૂ. ૨૫૦ + ૬૦ બેંક ચાર્જ ચૂકવવાનો છે.

♦ ફી એકવાર ચૂકવી દીધા પછી પરત મળી શકશે નહીં.

❑ **સામાન્ય સૂચનાઓ :**

♦ ઉમેદવારોએ માત્ર ઓનલાઈન અરજી કરવાની છે.

♦ વિધવા ઉમેદવારોના કિસ્સામાં વધારાના પાંચ ગુણ ઉમેરી આપવામાં આવશે. જો વિધવા ઉમેદવારે પુનઃ વિવાહ કર્યા હશે તો વધારાના ૫ ગુણનો લાભ મળી શકશે નહીં. આ માટે વિધવા ઉમેદવારોએ તેનો ઉલ્લેખ કરવાનો રહેશે અને જો પુનઃવિવાહ કર્યા હોય તો તેના આધાર રજૂ કરવાના રહેશે.

♦ ઓનલાઈન અરજીઓના આધારે ઉમેદવારોની ઓનલાઈન ટેસ્ટ / ઈન્ટરવ્યૂ માટે પસંદગી કરવામાં આવશે. તેથી ઉમેદવારોએ જ્યારે જરૂર પડે ત્યારે જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ અને અસલ કોપી રજૂ કરવાની રહેશે.

♦ ઓનલાઈન ટેસ્ટ / ઈન્ટરવ્યૂ માટે ઉમેદવારની તારવણી કરવાનો, પસંદ કરવાનો અથવા દૂર કરવાનો મેનેજમેન્ટનો અધિકાર રહેશે.

♦ ભવિષ્યમાં પસંદગી યાદી / સંભવીત યાદી કોઈપણ કારણ જણાવ્યા વિના રદ કરી શકવાનો મેનેજમેન્ટને અબાધિત અધિકાર રહેશે.

♦ કોમ્પ્યુટરની જાણકારી અને ગુજરાતી ભાષા આવડવી આવશ્યક છે.

♦ પસંદ થયેલા વિદ્યુત સહાયકની શરૂઆતમાં બે વર્ષ માટે નિમણુંક કરવામાં આવશે. ત્યાર બાદ જો તેઓની સેવા સંતોષકારક જણાશે અને સમગ્રતયા સારો દેખાવ કરવા બદલ રૂ. ૧૭૩૦૦-૩૮૬૧૦ ના નિયમિત પગાર ધોરણમાં જુ. એન્જિનિયર તરીકે નિમણુંક આપવામાં આવશે.

♦ જગ્યાઓ ભરવા માટે ઉમેદવારોની યોગ્યતા ચકાસવાનો મેનેજમેન્ટની મનસુફી ઉપર આધાર રહેશે. આ સંબંધી ઉમેદવારની યોગ્યતા, અરજી સ્વીકારવી કે નહીં અંગે મેનેજમેન્ટનો નિર્ણય આખરી રહેશે. આ અંગે કોઈપણ પૂછપરછ કે પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.

♦ સરકારી / અર્ધ સરકારી વિભાગોમાં નોકરી કરતા ઉમેદવારોએ ઓનલાઈન ટેસ્ટ / ઈન્ટરવ્યૂ વખતે ખાતાના વડા પાસેથી ના વાંધા પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે. અન્યથા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

♦ જો પસંદ થયેલ ઉમેદવાર કોઈ કંપની / સંગઠનમાં નોકરી કરતા હોય તો તેઓ નોકરીદાતા પાસેથી સેવામાંથી છૂટા કરવામાં આવ્યા છે તે મતલબનું પ્રમાણપત્ર ફરજ ઉપર જોડાતા સમયે કરવાનું રહેશે, અન્યથા તેઓનો નિમણુંક આદેશ રદ થશે.

♦ જુ. એન્જિનિયરની જગ્યા જેટકોની હુકુમત હેઠળ બદલીપાત્ર છે.

♦ કોઈપણ જાતની લાગવગ કે ભલામણની કોશીશ ગેરલાયકાત ગણાશે.

♦ જો કોઈ ઉમેદવારે લગ્ન કે અન્ય કોઈ કારણસર અટક બદલી હોય તો તે અંગે ગેઝેટની નકલ સામેલ કરવાની રહેશે. અન્યથા ઉમેદવારી રદ થશે.

♦ જાતિનો દાખલો (રોસ્ટર કેટેગરી) માટે માત્ર ગુજરાત રાજ્યનો જ માન્ય ગણાશે.

♦ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ નિયત નમૂનામાં નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

♦ શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારો પૈકી વિદ્યુત સહાયક જુ. એન્જિ. ઈલે. માટે (OL) એક પગની ખોડ અને (HH) શ્રવણશક્તિની ખામી ધરાવનાર તથા વિદ્યુત સહાયક જુ. એન્જિ. સિવિલ માટે (OA) એક હાથની ખોડ, (OL) એક પગની ખોડ અને (HH) શ્રવણશક્તની ખામી ધરાવનાર ઉમેદવાર અરજી કરી શકે છે. આ અંગે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી છે.

♦ ઓનલાઈન ટેસ્ટ / ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થવા માટે કોઈપણ ઉમેદવારને પ્રવાસ ભાડુ ચૂકવવામાં નહીં આવે.

♦ ફી અન્ય કોઈ રીતે જેમ કે, ડિમાન્ડ ડ્રાફ્ટ, મની ઓર્ડર, પોસ્ટલ ઓર્ડર ચેક દ્વારા સ્વીકારવામાં નહીં આવે.

♦ ઉમેદવારોની પસંદગી યાદી પસંદગી થયા તારીખથી એક વર્ષ માટે માન્ય રહેશે. મેનેજમેન્ટને યોગ્ય લાગશે તો વધુ એક વર્ષ લંબાવી શકશે.

♦ યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ જેટકોની વેબસાઈટ www.getcogujarat.com ઉપર તા. ૧૧-૩-૨૦૧૫ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની છે તથા એસ.બી.આઈ.ની કોઈપણ બ્રાંચમાં તા. ૧૩-૩-૨૦૧૫ સુધીમાં ચલનથી ફી જમા કરાવી દેવાની રહેશે.

♦ ઉમેદવારોએ ઓનલાઈન કર્યા બાદ તેની પ્રિન્ટ આઉટ તા. ૧૭-૩-૨૦૧૫ સુધીમાં નીચે દર્શાવેલ સરનામે મળી જાય તે રીતે RPAD અથવા સ્પીડ પોસ્ટ દ્વારા મોકલી આપવની રહેશે.

**The General Manager (HR),**
**Gujarat Energy Transmission Corporation Ltd.,**
**Corporate Office, Sardar Patel Vidyut Bhavan,**
**9th Floor, Race Course, Vadodara-390 007.**

♦ અરજી મોકલવાના કવર પર "Application for the post of JE (Electrical / Civil)" લખવું.

♦ **અરજી સાથે બીડવાના પ્રમાણપત્રોની નકલ :**

☛ તાજેતરમાં પડાયેલા બે પાસપોર્ટ સાઈઝના ફોટો અરજી ફોર્મમાં યોગ્ય જગ્યાએ ચોંટાડવા.

☛ **પ્રમાણીત નકલ :**
(૧) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (૨) બી.ઈ. (ઈલે./સિવિલ/ બી.ટેક. (ઈલે./ સિવિલ) ના ૭ મા અને ૮ મા સેમેસ્ટરની માર્કશીટ (૩) ડિગ્રી પ્રમાણપત્ર (૪) જાતિનો દાખલો (૫) શા.ખો.ખાં માટે વિકલાંગતા પ્રમાણપત્ર

☛ શા.શૈ.પ.વર્ગ માટે નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર

☛ શા.ખો.ખા. માટે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર

☛ એક્સ સર્વિસમેન માટે ડિસ્ચાર્જ પ્રમાણપત્ર

☛ નિવૃત્ત કર્મચારીના આશ્રિતો માટે નિવૃત્તિ પ્રમાણપત્ર

☛ સરકારી / અર્ધ સરકારી નોકરીમાં હોય તેઓ માટે ના વાંધા પ્રમાણપત્ર

☛ અન્ય કોઈ પ્રમાણપત્ર હોય તો તે.

**જનરલ મેનેજર / એચ.આર.** ●

# INDIAN INSTITUTE OF SCIENCE BANGALORE

## Undergraduate Programme : Admissions for 2015

The indian Institute of Science, a leading institution of higher learning with a strong tradition of research, offers a four-year Bachelor of Science (Research) Programme which is designed as a balanced blend of core science and interdisciplinary topics to serve as a platform for requirement for opportunities in academia and industry. Students who complete the of getting a Master of Science degree by studying (research) degree will have the option are invited for admission to the four-year undergraduate programme at the Institute. Eligibility, selection criteria and other details are available at the website http://www.iisc.ernet.in/ug

**ELIGIBILITY**

Candidates who have completed their II PUC / 12th Standard in 2014 and those who are expecting to complete their II PUC / 12th Standard in 2015 are eligible to apply. The candidates must have studied Physics, Chemistry and Mathematics as main subjects during their II PUC / 12th Standard. Candidates who have studied Biology, Statistics, Electronics, Computer Science, etc., in addition to Physics, Chemistry and Mathematics are also eligible to apply. The candidates must have secured a first class or 60% or equivalent grade (relaxed to pass class for SC/ST candidates) in the11PUC /12th Standard examination.

**SELECTION**

Based on the merit list of one of the following national examinations : KVPY-SA [appeared in 2013 and selected for the Fellowship) KVPY-SB [appeared in 2014 and selected for the Fellowship], KVPY-SX [appeared in 2014 and selected for the Fellowship], KVPY Fellows selected through the Empowerment initiative for SC/ST candidates, IIT-JEE-Main [appearing in 2015 and securing a minimum of 60% (GN), 54% (0BC-NCL), 30% (SC/ST/PH)], IIT-JEE-Advanced [appearing in 2015 and securing a minimum of 60% (GN), 54% (OBC-NCL), 30% (SC/ST/PH)], and AIPMT [appearing in 2015 and securing a minimum of 60% (GN), 54% (OBC-NCL), 30% (SC/ST/PH)].

Reservation for SC/ST/OBC/Physically-Handicapped (PH) and Kashmiri-Migrant (KM) candidates: As per Government of India regulations.

**HOW TO APPLY**

**(a) Application Forms (available only online):**

The online application may be prepared and submitted by accessing the IISc website www.iisc.ernet.in/ug with effect from 02.02.2015. The application fee is Rs. 500/- for GN/0BC/KM candidates and Rs.250/-for SC/ ST/PH categories.

**(b) Payment of the Application Fee:**

Mode of payment options available are: (1) Online Payment - Net-banking, Visa Card/ Master Card, Debit/Credit Cards. (2) Offline Payment - SBI Bank branches accept Challan payment across the country. The bank service charge is extra (to be borne by the applicants).

**IMPORTANT DATES**

Commencement of submission of online applications 02.02.2015

Last date for submission of online applications 30.04.2015 ●

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.